જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૪/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૧૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૪૩	૦	૧૧૩૪૩	૧૭૪૬૩	૦	૧૭૪૬૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૩	૨	૭૫	૨૮૫	૨	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૧૫૫૨	૧૫૫	૩૧૭૦૭	૩૨૯૪૯	૧૬૧	૩૩૧૧૦
કુલ		૪૭૬૭૩	૧૫૭	૪૭૮૩૦	૫૬૯૨૫	૧૬૩	૫૭૦૮૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૭	૧૦,૦૯,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૭૮	૬,૭૮,૦૦૦/-

વાહન ચોરીના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

ચોરીની એકટીવા હોન્ડા સાથે એક આરોપીને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો ગુનો ડિટેક્ટ કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જેના અનુસંધાનમા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૦૨/૦૪/૨૦૨૧ ના કલાક ૨૧/૧૦ વાગે પી.ડબલ્યુ.ડી ઢાળ પાસેથી અ.પો.કો નારાયણભાઇ કરશનભાઇ તથા લોકરક્ષક પ્રસાંત મોતીલાલ નાઓની સયુક્ત બાતમીથી આરોપી જાવેદ ઉર્ફે જાઉ સ/ઓ યાસીનભાઇ હાસમભાઇ શેખ ઉ.વ ૩૧ રહે,ડાહ્યાજી પાર્ક પી.ડબલ્યુ.ડી ના ઢાળ પાસે ઇસનપુર અમદાવાદ શહેરનાને ચોરીમા ગયેલ એકટીવા હોન્ડા નંબર.-GJ-27-BR-7448 જેનો એન્જીન નં-JF50EU5601583 તથા ચેસીસ નં-ME4JF507JHU 601707 કિંમત રૂપિયા-૨૦,૦૦૦/-ની સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૨૧૦૬૪૨/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા.૦૩/૦૪/૨૦૨૧



જામીન પરથી ફરાર આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

વચગાળાના જામીન પરથી ફરાર કેદીને પકડી સેન્ટ્રલજેલ ખાતે મોકલી આપતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ઇ" વિભાગ સાહેબ નાઓ તરફથી વચગાળાના જામીન પરથી ફરરા કેદી તથા નાસ્ત ફરતા આરોપીઓને વિરૂધ્ધ કાયદેસર કરવા કરેલ સુચના અનુસંધાને અમો સીની.પોલીસ ઇન્સ્પેક્ટર એસ.જે.બલોચ ગા.હવેલી પોલીસ સ્ટેશનનાઓએ ગા.હવેલી પો.સ્ટે. એન.સી.ગુ.ર.નં. ૩૪/૨૦૨૧ પ્રિઝન્સ એક્ટ કલક-૫૧(એ),૫૧(બી) મુજબ ના કામના સામાવાળા પાકા કેદિ નં.બ/૩૬૪૨૦ મોહમંદઆસીફ રફીકભાઇ છીપા ઉ.વ.૩૧ રહે- મ.ન-૧૫૧૯ સિંન્ધીવાડ એફ.ડી સ્કુલ સામે જમાલપુર અમદાવાદ શહેરનાઓના વિરુધ્ધમા ઉપરોક્ત નંબરથી એન.સી. ફરીયાદ દાખલ થયેલ અને સદરી એન.સી ફરીયાદની તપાસની મંજુરી નામદાર કોર્ટથી મેળવી તપાસ કરતા સદરી સામાવાળા સે.કેસ.નં.ફો.અ.નં-૧૦૫૧૦/૨૦૧૭ ભરણપોષણ ની કલમ-૧૨૫ મુજબ નાકામે મે.એડી. ચીફ.મેટ્રો કોર્ટ નં-૧૪ અમદાવાદ શહેર નાઓ દિન-૭૩ ની તા.૦૯/૦૩/૨૦૨૦ નારોજ સજા કરતા તેઓ સાબરમત્તી જેલમા હતા અને નામદાર ગુ.હા.કોર્ટના હુકમ ક્રમાક-ક્રીમી.મીસ.અ.નં-૧૦૫૧૦/૨૦૨૦ થી વચગાળા જામીન મંજુર થતા તેઓ તા-૧૧/૦૪/૨૦૨૦ નારોજ દિન-૬૦ ના વચગાળાના જામીનપર મુક્ત થયેલ ત્યાર બાદ દિન-૨૦૪નો વધારો થતા તા-૦૧/૦૧/૨૦૨૧ નારોજ પરત સાબરમત્તી જેલમા હાજર થવાનુ હતુ પરંતુ તેઓ હાજર થયેલ નહી અને ફરાર થઇ જતા આ કેદી ફરાર થવા બાબતે અમદાવાદ મધ્યસ્થ જેલના જ્યુડીશીયલ જેલરશ્રી આર.કે.ચાવડા.સા. નાઓ રાણીપ પો.સ્ટે. ખાતે ફરીયાદ આપતા સદરી ફરીયાદ ઝીરો નંબરથી અત્રેના પો.સ્ટે. ખાતે ઉપરોક્ત નંબરથી દાખલ કરી અત્રેના પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રી વી.વી.દેસાઇ તથા અ.મ.સ.ઇ.લક્ષ્મણસિંહ અભેસિંહ તથા અપો.કો.રાકેશભાઇ નાનજીભાઇ નાઓ સાથે રહી વોચ તપાસ કરતા મળી આવતા ઉપરોક્ત એન.સી. ફરીયાદના કામે નામદાર કોર્ટની મંજુરી મેળવી તા.૦૧/૦૪/૨૦૨૧ ના રોજ અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરી સેન્ટ્રલજેલ સાબરમતી ખાતે મોકલી મોકલી આપેલ છે.



પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી